R.N.I. No. : GUJGUJ/2000/447-
અયુબ ૪૦ : ૧૯
Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 10 DATE: 10-03-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## દેશમાં બિનસાંપ્રદાયિક વિચારધારા અને લોકશાહીનું મુળભુત માળખુ નષ્ટ કરી નાંખવાના ખતરનાક ખેલની શરુઆત : પ્રતિમાઓ તોડવાનું પ્રથમ ચરણની શરુઆત





ત્રિપુરામાં વિધાનસભાની ચુંટણીના પરિણામ બાદ સામ્યવાદી આઈકોન લેનિનની પ્રતિમા તોડી પાડવાની ઘટના બાદ દેશભરમાં પ્રતિમાઓને નુકશાન પહોચાડવાનો અને અપમાનિત કરવાનો ખતરનાક ખેલ શરુ થઈ ગયો.ભાજપના કાર્યકરો દ્વારા દેશના અલગ અલગ વિસ્તારોમાં મહાનુભાવોની પ્રતિમાને નુકશાન પહોચાડવામાં આવ્યું.જવાબમાં વિપક્ષના કાર્યકરો મેદાનમાં આવી ગયા.અને શરુ થયો મહાનુભાવોની પ્રતિમાઓને અપમાનિત કરવાનો ખેલ.આ રાજકીય પાગલપણું ચરમસીમા પર પહોચી ગયું છે.ત્રિપુરામાં લેનીનની વધુ એક પ્રતિમાને નિશાન બનાવાઈ હતી.

તામિલનાડુના ભાજપના વરિષ્ઠ નેતા એચ.રાજાએ પ્રતિમાઓ તોડવાની તરફેણમાં વિવાદાસ્પદ ટ્વિટ કર્યો અને બાદ વેલ્વોર શહેરમાં ભાજપના નેતા અને તેમના કેટલાક સહયોગીઓએ જાતિ વિરોધી નેતા પેરિયારની પ્રતિમા પર પથ્થરમારો કર્યો. ત્યારબાદ પેરિયારની એક અન્ય પ્રતિમાની તોડફોડ કરવામાં આવી હતી.જેને કારણે તામિલનાડુમાં ટેન્શન વધી ગયું. પ્રતિમા તોડવાની આગ ઉત્તર પ્રદેશ પણ પહોચી. અને ત્યાં મેરઠમાં આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાં ખંડિત કરવામાં આવી.પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુકરજીની પ્રતિમાની કેટલાક લોકો દ્વારા તોડફોડ કરવામાં આવી હતી પોલીસે તેના સંદર્ભમાં સાત લોકોની ધરપકડ કરી હતી.બીજી તરફ તામિલનાડુના કોમ્બિતુરમાં ભાજપની જિલ્લા કચેરી પર પેટ્રોલબોંબ ઝીંકવામાં આવ્યા હતા. દેશના કેટલાક ભાગોમાં પ્રતિમાઓ તોડવાની ઘટનાના સંદર્ભમાં વડાપ્રધાનની ઓફીસના સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યુ હતું કે આ ઘટનાને પીએમ મોદી સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.પીએમના આદેશના પગલે કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ પ્રકારની ઘટનાઓ અટકાવવા જરુરી પગલાં લેવા રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે.





આ પ્રકારના તોફાની તત્વો સામે કાયદાની જોગવાઈ પ્રમાણે કામ લેવામાં આવશે..કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પ્રતિમાઓ ખંડિત કરનારા સામે કડક પગલાં લેવાની ભલામણ કરી છે. ત્રિપુરામાં ચુંટણીના પરિણામો આવ્યા બાદ ફાટી નિકળેલી હિંસામાં ૩ દિવસમાં ૭૭૦ હિંસક ઘટનાઓ બની છે.જેમાં ૧૦૦૦થી વધુ લોકોને ઈજા પહોચી છે.બેલોનિયામાં લેનિનની પ્રતિમાં તોડી પડાયા પછી હિંસાએ અગ્ર સ્વરુપ ધારણ કર્યુ હતું.પ્રતિમાઓ ખંડિત કરવાની ઘટનાઓના મુદ્દે સંસદમાં પડઘો પડ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ વેલમાં ઘસી જઈને નારાબાજી કરી હતી.જેને કારણે રહેલા અને બપોર પછી આખા દિવસની કાર્યવાહી બંધ રહી હતી.મદ્રાસ હાઈકોર્ટે તામિલનાડું સરકારને તમામ નેતાઓની પ્રતિમાને સુરક્ષા આપવાનો આદેશ કર્યો છે.હાઈકોર્ટે જણાવ્યુ હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તેનું સરકારે ધ્યાન રહે.શાળાના બાળકોની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવે. તામિલનાડુ સરકારે હાઈકોર્ટને જણાવ્યુ હતું કે પરિયારની પ્રતિમા તોડવાના મામલે ચાર વ્યક્તિની ધરપકડ કરાઈ છે.

જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પ્રતિમાઓ તોડવાની ઘટનાને વખોડી કાઢી છે.તેમણે જણાવ્યુ હતું કે અમે પ્રતિમાઓ તોડવાની ઘટનાઓને સમર્થન આપતા નથી.આ ઘટનાઓનું દુઃખદ છે. જો આ ઘટનાઓમાં ભાજપના કાર્યકરો સામેલ હશે તો તેમના પર પણ કાર્યવાહી કરાશે.અમારો ઉદેશ્ય જનતાના જીવનમાં બદલાવ લાવવાનો છે.મે તામિલનાડુ અને ત્રિપુરામાં ભાજપના નેતાઓ સાથે વાતચીત કરી છે.પાર્ટીનો કોઈપણ શક્ય સામેલ હશે તો તેની સામે કડક કાર્યવાહી થશે.ભાજપે તમામ વિચારધારાનું સન્માન કરે છે. અને રચનાત્મક રાજનીતિ માટે પ્રતિબધ્ધ છે.દેશનું દુર્ભાગ્ય છે કે જનતાના રક્ષણ માટે પોલીસ નથી ત્યાં ગંદા રાજકારણને કારણે પ્રતિમાની સુરક્ષા માટે પોલીસ તહેનાત કરવી પડે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬




**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

સત્તા મેળવાયાના કેટલાક સમયમાં જ હિંસા અને તોડફોડ કરીને ભયનું વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ લોકશાહીને ગુંગળાવી નાંખવાનો પ્રયત્ન છે.જુદી જૂદી જગ્યાઓ પર બાબા આંબેડકર, લેનીન,ગાંધીજી અને પેરિયારની પ્રતિમાઓને ખંડિત કરી નાંખનારાઓ દેશમાં શું સંદેશો આપવા માંગે છે તે હવે કહેવું સહેલું બની ગયું છે.

ત્રિપુરામાં સામ્યવાદી નેતા લેનિનની પ્રતિમા ખંડિત કર્યા બદા આ ઘટનાને કેટલાક ભાજપના નેતાઓ દ્વારા સમર્થન અપાયું હતું.આ બાદ દેશભરમાં ભાજપના કાર્યકર્તાઓએ આવી જ રીતે અન્ય કેટલાક નેતાઓની પ્રતિમાઓ ખંડિત કરી હતી.તેના જવાબમાં વિપક્ષી કાર્યકરોએ પ્રત્યાઘાત આપ્યા હતા.જો કે નરેન્દ્ર મોદી અને અમિત શાહે આ પ્રકારની ઘટનાઓની નિંદા કરી હતી.પરંતુ તેની કોઇ અસર દેખાતી નહોતી.દલિત નેતા પેરિયાર, જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુકરજી,બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકર, ગાંધીજી વિગેરેની પ્રતિમાઓ નુકશાન પહોચાડવામાં આવ્યુ.આ પ્રકારની રાજનીતિ પાછળ જવાબદાર કોણ છે ? શું હિંસાનું આચરણ કરીને, તોડફોડ કરીને દેશને ક્યો સંદેશો પાઠવવામાં આવી રહ્યો છે?સત્તા પર બેઠેલા શાણા નેતાઓ પાછલી બારીએ બંધારણને છિન્ન ભિન્ન કરવાની પેરવી કરી રહ્યા છે.સુપ્રીમ કોર્ટના ચાર જજોએ પ્રેસ કોન્ફરન્સમાં ઉઘાડી વાત કરી દીધી કે દેશની લોકશાહી ખતરામાં છે. જજોએ જે ભીતી વ્યક્ત કરી તેમાં તમામ વસ્તુઓ આવી ગઇ છે.તમે વિરોધ કરો તો તમને તમારા કુટુંબીજનોને તોડી પાડવામાં આવે અને તેમાં તમામ પ્રકારના હથકંડા અપનાવવામાં આવે અને પાછા મોટા નેતાઓ તેમના ચઢાવેલા કાર્યકરોને આવું નહીં કરવાની સુફિયાણી સલાહો આપે, દેખાડા માટે આવું બધુ કરવું જ પડે.દેશનું વ્યવસ્થા તંત્ર ડામાડોળ, આર્થિક પરિસ્થિતિનું કોઇ ઠેકાણું નથી માત્ર જૂઠ્ઠા વચનો અને આંકડાઓ રજુ કરવા, મોટો મોટા ઉત્સવો,સમારોહ કરીને લોકોની આંખમાં ભુરકી નાખવી.બાકી હતું તે બેન્કોમાં વેપારીઓએ દેશને ચુનો લગાવી દીધો અને હવે તેમની પાસે દેશમાં પાછા ફરવાનો સમય જ નથી.કાયદો ક્યારેય આટલો નબળો તો નહોતો. ૭૦ વર્ષમા આટલું બધુ ખરાબ થયું નહોતું.

---

અનુ.પાન નં.૪ નુ ચાલુ

જે પરસેવે નહાય. આ પંક્તિએ મને મરિયમપુરામાં ખુબ શીખવ્યું છે. ગૃહપતિ ,શાળામાં ભણાવવું, દેવળનું કામ, બેકને લગતું કામ આદિ કામો મારા શિરે હતાં. એક વાર દેવળમાં લગ્નવિધિ થવાની હતી. દેવળમાં લગ્નવિધિ થવાની હતી તે પુર્વે મે ચીજવસ્તુઓની ગોઠવણ કરી દીધી હતી અને દરવાજો વાસી દઇ તાળુ લગાળી મે ચાવી મારા ડગલાના ખિસ્સામાં રાખી દીધી.થોડી વારમાં જાનૈયાઓ આવ્યા. વરરાજાના પિતાએ દેવળ બંધ જોતા ફાધર પાસે પહોચી ગયા અને ચાવીની માંગણી કરી એટલે ફાધરે મારુ નામ સુચવ્યું અને કહ્યુ કે એમની પાસે મળશે.વરરાજાના પિતા મારી પાસે પહોચે તે પહેલા હું ફાધર પાસે પહોચી ગયો. મારુ નામ પેલા ભાઇને ગમ્યુ નહીં. પેલા ભાઇ સ્વગત બોલવા લાગ્યા કે જુના જમાનાનું નામ છે ? આવું કાંઇ નામ હોય ? ગામડીયા જેવું ? પેલા ભાઇના શબ્દો સાંભળીને મને મહાન નાટ્યકાર શેક્સપિયર યાદ આવી ગયા. શેક્સપિયરે કહ્યું છે કે નામમાં શું રાખ્યું છે ? પેલા ભાઇ એ વાતથી અજાણ છે કે જ્યાં વરઘોડો ઉભો છે તે આંગણો કોણ સફાઇ કરાવે છે અને કરે છે ? જાજરુ-બાથરુમનો ઉપયોગ જાનૈયાઓ કરે છે તે સ્વચ્છ કોણ રાખે છે ? બગીચામાં રંગબેરંગી ફુલોને જોઇને જાનૈયાઓ હરખાય છે,તેની માવજત કોણ કરે છે ?

માનવીના નામો ભલે આંતરરાષ્ટ્રીય હોય પણ આખરે માનવીનું નામ કરતાં તેનું કામ વધુ ચઢિયાતું હોય છે. માનવીની સુંદર ચહેરાથી નહીં આગવા ગુણો વડે ઓળખ બનતી હોય છે.આપણે ગુલાબના ફુલને ગમે તે નામ આપો એ એટલી જ ખુશબુ આપશે. મને મહાન નાટ્યકાર શેક્સપિયર મહદઅંશે સાચા લાગે છે કે આથી જ કહે છે કે નામમાં શું બળ્યું છે ?

મથુર વસાવા. ઉના.જી.સોમનાથ-ગીર


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# હેપ્પી વુમન્સ ડે

થોડા દિવસ પહેલાં હિરોઇન શ્રીદેવીના મૃત્યુના સમાચાર આપણને મળ્યા.તેના વિશેની અનેક જાણકારી આપણને ન્યુઝપેપરમાં તથા ટી.વી.ના માધ્યમ દ્વારા પ્રાપ્ત થઇ. તેમાં ખાસ બાબત એ હતી કે એને ખાસ્સી હાઇલાઇટ પણ કરવામાં આવી હતી.તે પ્રથમ ફીમેલ સુપરસ્ટાર હતી કે જેને મેલ હિરો જેટલું મહેનતાણું આપવામાં આવતું હતું.સામાન્ય રીતે સુપરસ્ટારને બીજા હિરો કે હિરોઇન કરતાં વધારે મહેનતાણું અપાતું હોય છે.કારણ સુપરસ્ટાર એટલે એવા હીરો કે હિરોઇન જે પોતાના નામથી ફિલ્મને ચલાવી શકે, કમાણી કરાવી શકે,નફો કરાવી શકે કે જેથી તેમાં રોકેલા નાણાંનું વળતર યાની નફો વધારે મળે અને કોઇને નુકશાન વેઠવું ના પડે.બેઝીકલી આ એક ઉદ્યોગ છે જેમાં લોકો કમાણી કરવા માટે આવતા હોય છે.અનેક લોકોના ઘર ચાલતા હોય છે.એટલે આ બધી બાબતો ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.અને તે પ્રમાણે મહેનતાણું અપાતું હોય છે.

જો કે અહીંયા પણ અન્ય ક્ષેત્રોની જેમ જ મહેનતાણુ 'મેલ હીરો'(પુરુષ અભિનેતા) જેટલું અપાય છે.'મેલ સુપરસ્ટાર' જેટલું નહીં.બીજા નોકરીના, કામના સ્થળોની જેમ જ અહીયા પણ મેલ-ફીમેલ પુરુષ કર્મચારી સ્ત્રી કર્મચારી વચ્ચે વેતનની અસમાનતા દેખાઇ આવે છે.

વર્ષોથી બીજા અનેક ભેદભાવની જેમ જ વેતન-મહેનતાણું-પગારની બાબતમાં પણ આ ભેદભાવ (સ્ત્રી-પુરુષ) જોવા મળે છે.અસંગઠિત તથા ખાનગી ક્ષેત્રમાં મહિલા કર્મચારીને પુરુષ કર્મચારી કરતાં હંમેશા મહેનતાણુ ઓછુ આપવામાં આવે છે.તેના કારણમાં મહિલાની કામ કરવાની ક્ષમતા પુરુષ કરતાં ઓછી ગણવામાં આવે છે. પછી ભલે તે પુરુષ જેટલા જ કલાકો કામ કરતી હોય કે તેનાથી વધારે કલાક કાર્યસ્થળે રોકાતી હોય. સૌથી ખરાબ સ્થિતિ ખેતમજુરી કરતી,ખળીમાં કામ કરતી, છુટક મજુરી કરતી, બાંધકામના વ્યવસાયમાં કામ કરતી મહિલાઓની જોવા મળે છે. ભાગ્યે જ તેમને નક્કી કરેલ પગાર મળતો હોય છે. જો કે પુરુષ કર્મચારીની પણ આજ પરિસ્થિતિ હોય છે.પણ મહિલાને માટે પરિસ્થિતિ એટલા માટે વધારે ખરાબ હોય છે કે તેને તે મેળવવા માટે પણ શારીરીક શોષણનો અત્યાચાર સહન કરવો પડે છે.સૌથી દયનીય હાલત ઘરે રહેતી તથા ઘરનું કામ કરતી ગૃહિણીની હોય છે. કારણકે આર્થિક ઉપાર્જનમાં તેના કાર્ય થકી બચતાં નાંણાને ગણત્રીમાં લેવામાં આવતા નથી.કારણ તેના ૨૪ કલાક ગુણ્યા ૭ દિવસના કાર્યને કશું જ કરતી નથી એવું લેબલ લગાડવામાં આવેલું છે.તેના ઘરના આ બધા કાર્ય મહત્વહિન ગણાય છે. એટલે જ ભલે તે 'ઘરની રાણી' ગણાતી હોય,પરંતુ નાંણાકીય રીતે તેને ઘરના પુરુષ વર્ગ ઉપર આધાર રાખવો પડે છે.તેની આ કાર્યની સદંતર ઉપેક્ષા કરવામાં આવે છે.

પુરુષના જેટલી જ અરે કોઇક સમયે તો પુરુષ કરતાં પણ વધારે જવાબદારી ઉઠાવતી હોવા છતાં વેતનની અસમાનતાનું કારણ પુરુષની સ્ત્રીને જોવાની માનસિકતાને કારણે છે.પુરુષ સ્ત્રીને પોતાની સમકક્ષ ગણતો નથી. તે તેને પોતાનાથી ઉતરતી યાની સેકન્ડ સેક્સ ગણતો હોય છે. એટલે જ અન્ય બાબતોની જેમ સરખા કાર્યભારમાં પણ તે તેને ઓછુ વેતન આપની અપમાનની લાગણીનો અનુભવ કરાવતો હોય તેવું બની શકે. જો કે અનેકના માટે રોલમોડેલ બની રહેતી મહિલાઓ જ્યારે આ બધું ચલાવી લે, શોષણનો વિરોધ ના કરે તે દુ:ખદાયક છે. જો કે હવે પરિસ્થિતિ બદલાઇ છે. અને આ ક્ષેત્રની મહિલાઓ પણ અવાજ ઉઠાવવા લાગી છે. અને તેની શરુઆત હોલીવુડ ફિલ્મ ઉદ્યોગથી થઇ ગઇ છે. તો અન્ય ક્ષેત્રે પણ મહિલાઓ સંગઠિત બનીને આનો વિરોધ કરવા લાગી છે તો મહિલાઓ માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા પણ તેમને તેમના હક્કનુ મળી રહે તથા કાર્ય સ્થળે તેમનુ શારીરીક શોષણ ના થાય તે માટે પ્રયત્ન ચાલી રહ્યા છે.અને તેમાં પણ ખાસ કરીને ન્યુનતમ વેતન મેળવતી મહિલાઓ જેવી કે સફાઇ કર્મચારી,ખેતમજુર, ખળીમાં કામ કરતી, છુટક કામ કરતી આવી અને મહિલાઓને તેમના કામનું યોગ્ય વળતર મળી રહે તેનું ધ્યાન રાખે છે.

મનગમતું- રાણીની જેમ રહો, રાણી ક્યારેય પરાજયથી ડરતી નથી.નિષ્ફળતા મહાન બનવા માટેનું એક બીજું પગલું છે : ઓપ્રાહ વિન્ફ્રે, અમેરિક ટીવી શોના એન્કર, હેપ્પી વુમન્સ ડે :

-અન્નપુર્ણા મેકવાન,ગાંધીનગર

### જાણવા જેવું !

ઇગ્લાંડમાં ત્રણ માંબાપો છ બાળકોની જોડીઓ ધરાવે છે.હાલમાં દુનિયામાં છ બાળકોના જોડકાંઓ હયાત છબેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફ્રે ત્રીજો ઇતિહાસમાં ધી ક્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



### ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૯૩૩૨૨

# એચ-૧બી વિઝા મેળવવા માટે કંપનીઓએ સાબિત કરવું પડશે કે આ વિશેષ પ્રકારના કામ માટેના જ વિઝા છે

એચ-૧ બી વિઝા મેળવવા માટે ભારતીયોને માટે અઘરુ સાબિત થશે. ટ્રમ્પ વહિવટીતંત્રએ ફરી એક વાર ભારતને નિશાન બનાવતાં અને એચ -૧ બી વિઝા નીતિ વધુ આકરી બનાવી છે.વ્હાઉટ હાઉસે સાત પાનાની એચ -૧બી વિઝા નીતિ જાહેર કરી છે. જેને કારણે એક કે તેથી વધુ થર્ડ પાર્ટી વર્કસાઇટ્સ ખાતે કામ કરતાં પ્રોફેશનલ્સની તકલીફ વધી જશે.ભારતીય આઇટી કંપનીઓ અને તેના કર્મચારીઓ પર તેની મોટાપાયે વિપરીત અસર પડશે.નવી નીતિનો તાત્કાલિક અમલ શરુ થઈ જશે.આથી બીજી એપ્રિલથી એચ-૧બી વિઝા માટે અરજી કરવાની સીઝન શરુ થશે તેમાં ત લાગુ પડશે.ટ્રમ્પની નવી એચ ૧બી વીઝા નીતિ અંતગર્ત ભારત સહિતના કોઇપણ દેશની કંપનીઓને તેના એચ ૧બી કર્મચારીઓ થર્ડ પાર્ટી વર્કસાઇટ પર ચોક્કસ પ્રકારનું એસાઈન્ટમેન્ટ કરી રહ્યા છે તે સાબિત કરવા માટે વધારે મહેનત કરવી પડશે.અમેરિકન વર્કસ જે કેટલીક વિશેષ કામગીરી માટે ઉપલબ્ધ નથી તેવા કામ માટે એચ ૧બી પ્રોગ્રામ અંતગર્ત હાઈલી સ્કિલ્ડ(અત્યંત કુશળતા ધરાવતા) વિદેશી પ્રોફેશનલ્સને અમેરિકામાં કામ કરવાની મંજુરી આપવામાં આવે છે.

એચ ૧બી વિઝા કાર્યક્રમનો ભારતીય આઈટી કંપનીઓ સૌથી વધારે લાભ લે છે.અને તેના કર્મચારીઓ મોટાપાયે થર્ડ પાર્ટી વર્કસાઇટ પર કામ કરતા હોય છે.અમેરિકાની બેન્કીંગ,ટ્રાવેલ્સ અને કોમર્શીયલ સર્વીસીઝ ક્ષેત્રની અનેક કંપનીઓ તેમની કામગીરી માટે ભારતીય આઇટી પ્રોફેશનલ્સને આ વિઝા અંતગર્ત કામ આપતી હોય છે.

નવી નીતિ અંતગર્ત અમેરિકન સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીઝ હવે થર્ડ પાર્ટી વર્કસાઇટ પર જેટલા સમય માટેનું કામ છે તેટલા સમયગાળા માટે જ કર્મચારીને એચ ૧બી વિઝા ઈશ્યુ કરશે.ઘણી વાર અમેરિકન કંપનીઓ ઓચિંતા જ એચ ૧બી કોન્ટ્રેક્ટ્ રદ કરી દે છે જેને કારણે કર્મચારીને થોડા સમય માટે બેરોજગારી બની જાય છે.આઇટી ક્ષેત્રમાં આ ગાળો ઓન બેન્ચ કહેવાય છે.આ દરમિયાન તેમની એચ ૧બી વિઝાનો દરજ્જો યથાવત રહે છે.પણ તેમને પગાર ચુકવાતો નથી.જે યુએસસીઆઈએસના મતે ગેરકાયદેસર છે. હવેથી જો આવું થશે તો તેવા કિસ્સામાં એક્સટેન્શન મળવું વધારે મુશ્કેલ બની જશે.કારણ કે કર્મચારીએ દર્શાવવું પડશે કે અગાઉના સમગ્ર સમયગાળા દરમિયાન કંપનીને તેની જરુરીયાત હતી.આ સિઝનમાં ૧ ઓક્ટો.૨૦૧૮થી શરુ થતાં વર્ષ માટે વિઝા ઈસ્યુ કરવામાં આવશે.

થર્ડ પાર્ટી વર્કસાઇટ માટે એચ ૧ બી વિઝા મંજુર કરાવવા માટે અરજદાર કંપનીએ એવો મજબુત પુરાવો આપવાનો રહેશે કે જે કર્મચારીને આ માટે પસંદ કરાયા છે તેનું કામ સ્પેશીયલ્ટી ઓક્યુપેશનનુ છે અને તે ચોક્કસ સમય દરમિયાન કર્મચારી કંપની સબંધ જાળવશે.કંપનીએ પણ એ ખાતરી આપવાની રહેશે કે થર્ડ પાર્ટી સાઇટ ખાતે કાર્યરત જે તે કર્મચારી જ્યાં સુધી રહેશે ત્યાં સુધી વિશેષ પ્રકારનું જ કામ કરે છે.સામાન્ય કામ નહીં કરે.

ટ્રમ્પ વહીવટી તંત્રે એચ ૧બી વિઝા માટે નવી કડક નીતિની જાહેરાત કરતાં તેની ભારતીયો પર વધુ અસર પડશે.નવી નીતિને પગલે એક કે વધુ થર્ડ પાર્ટી કામના સ્થળો માટે નોકરીમાં રાખવા માટે એચ ૧બી વિઝા ઈશ્યુ કરવાની પ્રક્રિયાને વધુ કડક બનાવવામા આવી છે.જેને કારણે ભારતીય કંપનીઓ અને તેમના કામદારો પર ભારે અસર પડશે.

નવી નીતિ હેઠળ નોકરીદાતા કંપનીઓએ સાબિત કરવું પડશે કે થર્ડ પાર્ટી વર્કપ્લેસ પર ખાસ કામગીરી માટે કામદારને રોજગાર આપવામાં આવ્યો છે.એચ ૧બી વિઝા કાર્યક્રમ હેઠળ કંપનીઓ જે ક્ષેત્રમાં ક્વોલીફાઇડ અમેરિકી કામદારની અછત હોય તેવા ક્ષેત્રમાં ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વિદેશી વ્યવસાયીને કામ આપવા હંગામી સમય માટે અમેરિકી વિઝા આપવામાં આવે છે.

ભારતીય આઇટી કંપનીઓ અત્યાર સુધી એચ ૧બી વિઝાનો મહત્તમ ઉપયોગ કરતી હતી.આ ભારતીય કંપનીઓ થર્ડ પાર્ટી વર્કસાઇટ ખાતે સારીએવી સંખ્યામાં પોતાના કર્મચારીઓ તહેનાત કરવા માટે વિઝાનો ઉપયોગ કરતી હતી.પરંતુ હવે બહાર પડાયેલ નવી નીતિ મુજબ અમેરિકી સીટીઝન એન્ડ ઈમીગ્રેશન સર્વીસીઝને એવી સત્તા હાંસલ થશે કે થર્ડ પાર્ટી વર્કસાઇટ ખાતે તે કામદારને કામ કરવાનું હોય તે સમય મર્યાદા માટે કામદારને એચ ૧બી વિઝા ઈશ્યુ કરવામાં આવશે.તેને પરિણામે ત્રણવર્ષથી ઓછી મુદત માટે એચ ૧બી વિઝા આપવાના રહેશે.તેને પગલે ત્રણ વર્ષની મુદત માટે એચ ૧બી વિઝા આપવાની પરંપરા પણ બદલાશે.

# દેશના ટોચના ઊદ્યોગપતિઓમાં સ્થાન ધરાવતા ગૌતમ અદાણી સામે સુબ્રમણ્યમ સ્વામીએ મોટો આરોપ મુક્યો

ભાજપાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ દેશના ટોચના ઉદ્યોગપતિઓમાં સ્થાન ધરાવતા ગૌતમ અદાણી સામે મોટો આરોપ મુક્યો છે.તેમણે જણાવ્યુ હતું કે ગૌતમ અદાણી પીએસયુ બેન્કો માટો સૌથી મોટા એનપીએ ટ્રપેઝ આર્ટિસ્ટ એટલે કે પાતળા દોરડા પર ચાલતા કસરતબાજ સાબિત થાય તેમ છે.

સ્વામીએ ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે મારી પાસે માહિતી છે કે પીએસયુ બેન્કો પાસેથી અદાણીએ ૭૨,૦૦૦કરોડની લોન લીધેલી છે.અદાણીને આ મુદ્દે જવાબદેહ બનાવવા જોઇએ અથવા તો તેમની વિરુધ્ધ જાહેરહિતની અરજીનો વાજબી ગણાવીને તેમની સામે તપાસ હાથ ધરવી જોઈએ. તેમના ઉપર જેટલી લોન છે તે તમામની ભરપાઇ તરતજ કરાવવી જોઈએ.હું એટલા માટે સવાલ કરી રહ્યો છું કે આ કેસમાં શા માટે તપાસ કરવામાં આવી નથી.

સ્વામીએ જણાવ્યુ હતું કે બ્લુમબર્ગના ડેટા પ્રમાણે અદાણી પાવરે ૪૭૬૦૯.૪૩ કરોડની લોન લીધી છે.તો અદાણી ટ્રાન્સમીશને ૮૩પી૬.૦૭ કરોડની લોન લીધી છે.તે ઉપરાંત અદાણી એન્ટ. દ્વારા ૨૨,૪૨૪ કરોડની લોન લેવામાં આવી છે.તેવીજ રીતે અદાણી પોર્ટે ૨૦,૭૯૧.૧૫કરોડની લોન લેવામાં આવી છે.આ બધાની વિગતે તપાસ કરવી જરુરી છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# આઇએનએક્સ મીડીયાને લાભ મહોચાડવાના કેસમાં કાર્તિ ચિદમ્બરમની સીબીઆઇએ ધરપકડ કરી

ભુતપુર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિની મની સીબીઆઈએ મની લોન્ડરીંગ કેસમાં બ્રિટનથી પરત ફરતાં ચેન્નાઇ હવાઇ મથકેથી ધરપકડ કરી લીધી હતી.આઈએનએક્સ મીડીયાને ફાયદો કરાવવાના કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈના અધિકારીઓ કાર્તિની ધરપકડ કરીને ડોમેસ્ટીક ફ્લાઈટમાં દિલ્હી લઈ ગયા હતા. જ્યાં તેમને વિશેષ અદાલતમાં હાજર કરાયા હતા.હવે તેમની જામીન અંગેની સુનાવણી થશે.

સીબીઆઈએ કિર્તીને અનેક વાર પુછપરછ માટે સમન્સ આપ્યા હતા પરંતુ તેમણે વિવિધ અદાલતોમાંથી આ સમન્સ પર સ્ટે મેળવ્યા હતા. જો તેમને અદાલતોએ સ્ટે આપીને રાહત બક્ષી હોય તો સીબીઆઈએ કોર્ટોના આદેશોનો આદર કરવો જોઈએ.પરંતુ તેમ થયું નથી.

આઈએનએક્સ મીડીયાને વર્ષ ૨૦૦૭માં વિદેશી સીધા રોકાણ અંતગર્ત ૩૦૫ કરોડ રુપીયા મેળવી આપવા માટે કીર્તીએ તે સમયે દેશના નાણાંમંત્રી એવા તેમના પિતા પી. ચિદમ્બરમની વગનો ઉપયોગ કર્યો હતો. અને આ ફંડ મેળવી આપવા માટે કિર્તીને રુ.૧૦લાખ મળ્યા હતા તેવો સીબીઆઈએ આરોપ મુક્યો છે.વળી ટેક્સ મામલે તાપસ ટાળવા માટે આઈએનએક્સ મીડીયાએ પણ કીર્તીને નાણાં આપ્યા હોવાનો આરોપ છે.

કીર્તીની ધરપકડ અંગેની સુચના તેમના પરિવારજનોને કરી દેવામાં આવી હતી.સીબીઆઈએ દાવો કર્યો છે કે તેમની પાસે કિર્તી સામે મજબુત પુરાવા છે. જો કે તેમણે વધારે માહીતી આપવાનો ઈન્કાર કર્યો હતો.કિર્તીની ધરપકડ તેના સી.એ.એસ. ભાસ્કરમનની ઈડીએ ધરપકડ કરી તેના બીજા દિવસે કરવામાં આવી હતી. કોગ્રેસ પાર્ટીએ કીર્તીની ધરપકડને મોદી સરકારને બીજે ધ્યાન દારવા માટેની યુક્તિ ગણાવીને ટીકા કરી હતી.ભાજપે કહ્યુ કે આ કેસમાં કાયદો કાયદાનું કામ કરશે.જો કે કિર્તી વિદેશમાં નાશી ગયા નહોતા તેઓ તો આ દેશમાં પરત આવી રહ્યા હતા. તેમજ તેમની સામે જે આરોપો ઘડી કાઢવામાં આવ્યા છે તેમાં દસ લાખ રુપીયાનો ફાયદો લીધો છે તેવા આરોપો છે.સરકાર રાયનો પહાડ બનાવવામાં ઉસ્તાદ છે તે આ કિસ્સા પરથી દેખાઈ આવે છે.સીબીઆઈનું કહેવું છે કે કિર્તી હાજર થતાં નથી પરંતુ તેઓ કોર્ટોમાંથી સ્ટે મેળવી લે છે. તો એ એક કાનુની પ્રક્રિયા જ છે.મોટી ચોરી કરનારા વિદેશ ભાગી ગયા છે અને તેની ખબર અંતર પણ લેવાતી નથી.મિલક્તો સીલ કરી દેવાથી જતી રહેલી મુડી કેવી રીતે પાછી આવશે તેનો હિસાબ સરકારે આપવો જોઈએ.હાથી જતા રહે અને નાના ચુહા પકડીને સરકાર દેશની જનતાને શું પાઠ ભણાવવા માંગે છે.

# ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઈ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાકયમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્રિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાશ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઇ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જયારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથીઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્રીને અર્થશાસ્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્રી યુજીન ફામાએ અર્થશાસ્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યુ છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છેકારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઈ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ધરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯) ,પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮), બોરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે. સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ
()સૌ.સંદેશ)

# નામમાં શુ બળ્યું છે ?

અમે પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે માસ્તર દૈનિક હાજરી પત્રકમાં વિદ્યાર્થીઓની હાજરી પુરતા. માસ્તર નામ બોલતા જાય અને વિદ્યાર્થીઓ 'હાજર ગુરુજી' તેમ બોલતા જાય. બાળપણમાં ગુરુજી નામો બોલતા હતા તે નામોનું સર્જન મા-બાપ,દાદા-દાદી,કે ફોઈ કે કોઈકે કર્યુ હોય છે. ગામનો તલાટી કમ મંત્રી સરકારી ચોપડે નામ નોંધે તે દિવસે માનવું કે બાળકનું નામકરણ વિધિ સમાપ્ત થઈ ગઈ છે.માનવીએ માનવીઓના જ નથી પ્રાણીઓના નામો પણ પાડ્યા છે એટલું જ નહીં ધરતી પર વસતા જીવજંતુઓ કે ચીજ વસ્તુઓને પણ છોડ્યા નથી. મારા આવાસની બાજુમાં રહેતા એક પાડોશી ભાઈએ પાળેલી કુતરીનું નામ સ્વીટી પાડ્યું છે. ફળિયામાં સ્વીટી આંટાફેરા મારે ત્યારે ફળિયાના બાળકો રાડો નાંખતા હોય છે. સ્વીટી આવી સ્વીટી આમ, બાળકોને જબરી મોજ પડી જાય છે.

પહેલાંના જમાનામાં અઠવાડિયાના વાર પ્રમાણે નામો પાડતા હતા.સોમવારે સોમભાઈ, મંગળવારે મંગળભાઈ, બુધવારે બુધિયો, ગુરુવારે ગુરુજી,શુક્રવારે સુકરાબેન અને શનિવારે શનિબેન અને રવિવારે રવિભાઈ. આ બધા નામોમાં મને શનિબેનનું નામનું સ્મરણ થાય છે.અમે છાત્રાલયમાં હતા ત્યારે સાંજે વેળાએ કકડીને ભુખ લાગે એટલે શનિબેન યાદ આવે. અમે રસોડાના વાંહે જતા અને બારીએ ધીમા સાદે કહેતા, બેન રોટલી આપોને ? બેન કોઈ જુએ નહીં એ રીતે ઝટ દઈને ગરમાગરમ એક રોટલી આપે. તે એક રોટલીના ચાર ભાગ પડતા તે ચાર મિત્રો વહેચીને ખાતા. આમ નિર્દોષ ગુનો સ્વીકારી અમે પેટનો ખાડો પુરતા.ગામની એક મહિલાએ રાનમાં બાળકીનો જન્મ આપ્યો આથી તેની દીકરીનું નામ 'રાનું' રાખ્યું. જે બાળક-બાળકી મા બાપની છત્ર છાયા ગુમાવે તેને દાદા-દાદી પાલન પોષણ કરે આથી તેનું નામ 'પોહનીયા' કે 'પોહની ' નામ પાડતા. આમ અવસ્થા,કાળ અને સંજોગો અનુસાર કેટલાક નામો પાડવામાં આવતાં.આજના નામો ખુબ અદ્યતન છે. આજનો વાલીવર્ગ બોલીવુડ અને ક્રિકેટરના નામોથી ખાસ્સો આર્કષિત છે.એમાં ટી.વી.સીરીયલો ના નામો પણ ખરા જ. એને કેમ વિસરાય. આપણી આસપાસની સોસાયટીઓમાં અમિતાભને જોયો હશે, યુવરાજસિંહને ગલીઓમાં પ્લાસ્ટીકનો દડો રમતા જોયો હશે. અનુષ્કાબાઈને શાકભાજી કાપતા જાઈ હશે. ટી.વી.સીરીયલોના નામોનું અર્થઘટન કરીએ ત્યારે રસ્તે જતાં સ્પોર્ટસ બાઈક પર નૈતિકને જોયો હશે. મારી શાળામાં મે હર્ષ,ધ્રુવ,યશ,જીત,મીત અને પાર્થ જેવા નામો વાળા વિદ્યાર્થીઓ લગભગ એક અરધી ટ્રક ભરાય જાય તેટલા ભણાવ્યા છે. તેનો મને રંજ નથી. પણ અનહદ આનંદ છે.આજે નામોમાં આધુનિકતા આવી ગઈ જુના નામોને જાકારો આપવામાં આવે છે અને આધુનિક નામોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવે છે. મનગમતું કે રુચે તેવું નામ પાડવું તે અતિ ઉત્તમ વાત કહેવાય પણ આજે નામ પ્રમાણે ગુણ જવલ્લે જ જોવા મળે છે.પ્રેમ હોય પણ તેનામાં લગીરેય પ્રેમ ના હોય. ઉત્તમભાઈ હોય પણ નોધવા જેવું ઉત્તમ કાંઈ ના હોય.

આઠેક વર્ષ પહેલાં હું મરિયમપુરા,પેટલાદ હતો.ત્યાં હાઈસ્કુલ અને બોયઝ હોસ્ટેલ આવેલી છે. પેટલાદનું વર્ણન આપણે સફરુદીન ચાચાની ઘોડાગાડી પાઠમાં વાંચવા મળે છે. લેખિકાના વર્ણનને દાદ દેવી ઘટે. સિધ્ધિ તેને જઈ વરે

અનુ . પાન નં.૨ ઉપર



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ**


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.